સને ૨૦૧૪-૧૫
નવી બાબત.

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ શિક્ષણની નવી યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- નકવ-૧૨૨૦૧૪-૨૯૨૪-ક.૨
સચિવાલય-ગાંધીનગર.
તારીખઃ-27 NOV 2014

29 NOV 2014
8493

**વંચાણે લીધા:-**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીનો તા.૧૯.૧૧.૨૦૧૩નો પત્રક્રમાંકઃ- નકૃયુ/ સંનિ/ આયોજન/ TASP/ 32/૧૧૯૮૧-૮૨/૨૦૧૩

(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીનો તારીખ વગરનો પત્રક્રમાંકઃ- નકૃયુ/સંશોધન/આયોજન/TASP/32/૨૦૧૪.

(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીનો તા.૨૩.૭.૨૦૧૪ નો પત્રક્રમાંકઃ- નકૃયુ/ સંનિ / પ્લાન / નવી બાબત કૃષિ શિક્ષણ (ટીએએસપી) / ૩૪૩ / ૨૦૧૪.

**આમુખ:-**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ શિક્ષણની નવી યોજનાને વંચાણે લીધા ક્રમાંકઃ-(૧)થી(૩) ના સંદર્ભથી સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં શરૂ કરવા દરખાસ્ત કરેલ. આ વિભાગ-૧ નવી યોજનાને સને ૨૦૧૪-૧૫ના નાણાકીય વર્ષમાં શરૂ કરવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ શિક્ષણની નવી યોજનાને નીચે દર્શાવેલ ચાર (નવા) નવા કાર્યક્રમો માટે કુલ-૦૫ (પાંચ) નવી જગ્યાઓના મહેકમ સહિત સને ૨૦૧૪-૧૫ ના ચાલુ નાણાકીય વર્ષમાં રૂ.૬૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અડસઠ લાખ પુરા) ની અંદાજીત બજેટ જોગવાઈથી ચાલુ રાખવાની અને ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

નવા કાર્યક્રમો

(રૂપિયા લાખમાં)

| ક્રમ | નવા કાર્યક્રમો | પગાર (લાખમાં) | રીકરીંગ | નોન રીકરીંગ | કુલ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીસમેન્ટ ઓફ પોલીટેકનીક ઈન એનીમલ હસબન્ડરી, નવસારી. | ૫.૫૦ | ૪.૦૦ | ૧૦.૦૦ | ૧૯.૫૦ |
| ૨ | સ્ટ્રેન્થનીંગ ઓફ કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ. | ૧૧.૫૦ | -- | -- | ૧૧.૫૦ |
| ૩ | સ્ટ્રેન્થનીંગ ઓફ કોલેજ ઓફ એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ, ડેડીયાપાડા. | ૬.૦૦ | -- | -- | ૯.૦૦ |
| ૪ | એસ્ટાબ્લીસમેન્ટ ઓફ કોલેજ ઓફ ફીશરીઝ સાયન્સ, નવસારી. | ૬.૦૦ | ૨૦.૦૦ | ૫.૦૦ | ૩૧.૦૦ |
| | કુલ:- | ૨૯.૦૦ | ૨૪.૦૦ | ૧૫.૦૦ | ૬૮.૦૦ |

મંજૂર થયેલ નવી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનો હોદ્દો | પગાર-ધોરણ (રૂ.) | ગ્રેડ પે (રૂ.) | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| (૧) | એસ્ટાબ્લીસમેન્ટ ઓફ પોલીટેકનીક ઈન એનીમલ હસબન્ડરી, નવસારી. | | | |
| ૧. | મદદનીશ પ્રાધ્યાપક | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦/- | ૦૧ |
| ૨ | લેબ.ટેકનીશીયન | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ (ફીક્સ પે રૂ.૭૮૦૦/-) | ૦૧ |
| ૩ | લાઈવસ્ટોક ઈન્સ્પેક્ટર | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ (ફીક્સ પે રૂ.૫૩૦૦/-) | ૦૧ |
| | | | કુલ:- | ૦૩ |

| (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ કોલેજ ઓફ ફીશરીઝ સાયન્સ, નવસારી. | | | |
|---|---|---|---|---|
| ૧. | મદદનીશ પ્રાધ્યાપક | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | ૦૧ |
| ૨. | લેબ ટેકનીશીયન | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ (ફીક્સ પે રૂ.૯૩૦૦/-) | ૦૧ |
| | | | કુલ:- | ૦૨ |
| | | | કુલ સરવાળો:- | ૦૫ (પાંચ) |

<u>નોન રીકરીંગ ખાતે ખરીદવાનાં નવા સાધનોની યાદી</u>

(રૂ.લાખમાં)

| અ.નં. | યોજનાનું નામ | કેન્દ્ર | સાધનનું નામ | સંખ્યા | અંદાજીત કિંમત |
|---|---|---|---|---|---|
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ પોલીટેકનીક ઇન એનીમલ હસબન્ડરી, નવસારી. | નવસારી | એલસીડી પ્રોજેક્ટર | ૦૧ | ૦.૫૦ |
| | | | કોમ્પ્યુટર | ૧૭ | ૪.૬૫ |
| | | | ડીજીટલ મુવી કેમેરા વીથ એસેસરીઝ | ૦૧ | ૦.૬૦ |
| | | | ડીવીડી પ્લેયર | ૦૨ | ૦.૧૫ |
| | | | કલાસરૂમ ઓડીયો સીસ્ટમ | ૦૩ | ૦.૩૫ |
| | | | વોટર કુલર (હોસ્ટેલ માટે) | ૦૫ | ૦.૨૫ |
| | | | વોટર પ્યુરીફાયર સીસ્ટમ (હોસ્ટેલ માટે) | ૦૧ | ૦.૫૦ |
| | | | કલાસરૂમ બેન્ચીસ | ૨૦ | ૨.૦૦ |
| | | | | કુલ રૂ. | ૧૦.૦૦ |
| ૨. | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ કોલેજ ઓફ ફીશરીઝ સાયન્સ, નવસારી. | નવસારી | પેન્ટા પ્રોસેસર | ૧૦ | ૪.૦૦ |
| | | | ઓફીસ એસેટ્સ | ૦૪ | ૧.૦૦ |
| | | | | કુલ રૂ. | ૫.૦૦ |
| | | | | કુલ સરવાળો રૂ. | ૧૫.૦૦ |

આ અંગેનો ખર્ચ નીચેની સદરો અને બજેટ સદરે ઉધારવાનો રહેશે.

<u>માંગણી નં.૯૬</u>

મુખ્ય સદર :- ૨૪૧૫-કૃષિ વિષયક સંશોધન અને શિક્ષણ
પેટા મુખ્ય સદર :- ૦૧-પાક કૃષિ વ્યવસ્થા
ગૌણ સદર :- ૭૯૬ -આદિજાતિ વિસ્તાર પેટા યોજના
પેટા સદર :- ૦૫ – AGR–૬– આદિજાતિ વિસ્તારોમાં કૃષિ વિષયક સંશોધન કાર્યક્રમ
વિગતવાર સદર :- ૩૧૩૫ -અન્યને જનરલ સહાયક અનુદાન

<u>શરતો:-</u>

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇની આધિન રહી નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારની સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિર્ણયોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
૪. આ મંજૂરી અન્વયે અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.
૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૭. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ પદ્ધતિ મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જે બઢતીના હાથે આવતી હોય તો તે પ્રમાણે અને જે સીધી ભરતીના હાથે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૫/૨૦૦૬ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. વિભાગે ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧.૪.૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

૧૦. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી જવાબદારી કૃષિ યુનિવર્સિટીની રહેશે.

૧૧. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:- નાપન/૨૦૦૩/૭૦/આઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાની રહેશે તથા આ અંગેના વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પાડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

૧૨. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જાળવાઈ તે કૃષિ યુનિવર્સિટીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે વિકલાંગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૩. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૪. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૫. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૬. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો કૃષિ અને સહકાર વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. આઈ.ટી.સંબંધિત ખરીદી બાબતોઅંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨.૧૧.૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:- એસપીઓ / ૧૦૨૦૦૫ / ૧૪૦૭ / ચ સાં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૦. માન.મંત્રીશ્રી (નાણા) કક્ષાએ શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ ભરવા આપેલ અનુમતિને ધ્યાને લઈને આવું કાર્યક્રમો માટેની શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ આંતરિક વ્યવસ્થાથી ભરવાની રહેશે.

૨૧. મંજૂર થયેલ જગ્યાઓ પ્રમાણે જ ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૪.૧૧.૨૦૧૪ ની તથા તા. [illegible] ના રોજની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એન.પટેલ)
સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ